ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૧૨-૨૦૧૩, રવિવાર


## તંત્રી સ્થાનેથી....

### કેજરીવાલ મહાનાયકના રોલમાં

અરવિંદ કેજરીવાલને દિલ્હીની સરહદમાં પુરાઈ રહેવું ફાવશે ખરું? દિલ્હીમાં એમને મળેલા ઐતિહાસિક વિજય પછી જનમાનસમાં એમના નામની જબરી ભુરકી છંટાઈ ગઈ છે. કેજરીવાલ બીજા રાજકારણીઓ કરતાં જુદા તરી આવે છે. એ ચીલાચાલુ, રીઢા રાજકારણી નથી. રાજકારણમાં એ રૂપિયો રળવા નથી આવ્યા.કમાઈ લેવાની જ દાનત રાખી હોત તો એ ઈન્કમ ટૅક્ષ જેવા ટંકશાળ પાડતા સરકારી ખાતના ઉચ્ચ અધિકારી પદે કાર્યરત હતા. એમને એવું વૈભવી, બે-નંબરિયું જીવન પસંદ નહોતું તેથી તેઓ નોકરી છોડીને સ્વૈચ્છિક સંસ્થા બનાવ્યા પછી તેઓ અણ્ણા હજારે જેવા અદના લોકસેવકની જનલોકપાલ લડતના સેનાપતિ તરીકે જોડાઈ ગયા હતા. ત્યારે કોઈએ ભાગ્યે જ કલ્પ્યું હશે કે જે રામલીલા મેદાનમાં એમણે અણ્ણાના ઉપવાસના નિમિત્તે દેશ અને દુનિયાને ઘેલું લગાડ્યું હતું, ત્યાં જ બે વરસ પછી તેઓ પોતે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. શીલા દીક્ષિતને હરાવવા અને હટાવવાનું મુખ્ય વિરોધપક્ષ ભાજપનું ગજું નહોતું. અરવિંદ કેજરીવાલે એમને વિક્રમ બહુમતીથી પરાસ્ત કરી દઈ પોતાની તાકાત બતાવી દીધી છે. ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ સરજાતાં કોંગ્રેસે વ્યૂહાત્મક ચાલ ચાલીને આમ આદમી પાર્ટીને બહારથી મુદ્દા આધારિત ટેકો જાહેર કર્યો છે, ખરું પૂછો તો કરવો પડ્યો છે. પરંતુ એની આ ચાલને 'આપ'ના તરવરિયા તોખાર સુપેરે ઓળખી ગયા છે. તેથી 'ટેકો' આપવો કે પાછો લઈ લેવો તે કોંગ્રેસની સમસ્યા છે, અમે કોઈનો ટેકો માગ્યો નથી, જેવું હિંમતભર્યું નિવેદન કેજરીવાલ કરી શકે છે. દિલ્હીની પ્રજા કેજરીવાલની સાથે થઈ ગઈ છે. બેઉ મુખ્ય રાજકીય પક્ષો કરતાં આ ત્રીજું અને તદ્દન બિનરાજકીય આમ આદમીઓનું જૂથ પોતાના પ્રશ્નો ઉકેલશે એવી પ્રજાને શ્રદ્ધા બેસી ગઈ છે. કેજરીવાલે મફત પાણી અને અડધા દરે વીજળી પૂરી પાડવાનું વચન આપેલું છે. આ બેઉ બાબતો ઉપરાંત પંદર જ દિવસમાં જનલોકપાલ બિલ પસાર કરી ગુનેગારોને કોઈપણ જાતની શેહશરમમાં આવ્યા વગર જેલ ભેગા કરવાનો એમનો ઈરાદો પણ જાણીતો છે. ભ્રષ્ટાચાર દૂર કરવા માગતા કેજરીવાલની સરકારને બેઠા પહેલાં જ ઉઠાડી મૂકવાના કોંગ્રેસી ધારાસભ્યોના હારુન યુસૂફની આગેવાનીવાળી જૂથની હિલચાલ અને અમારો ટેકો બિનશરતી નથી, એવું પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતનું નિવેદન અચૂક છે. ભાજપે કેજરીવાલ સરકારની વિરુદ્ધ રહેવાનો સંકલ્પ જાહેર કરી દેતાં સરકારનું ભાવિ ખૂબ જ ડામાડોળ લાગે છે પરંતુ આમ આદમી પાર્ટી કદાચ આવું ઈચ્છી પણ રહી છે. એકવાર એની સરકારને ગબડાવશે તે પછી કોંગ્રેસ કે ભાજપ પ્રજામાનસમાંથી સાવ જ ગબડી જશે અને કેજરીવાલ દિલ્હી પ્રદેશ પૂરતા નહીં બલકે રાષ્ટ્રીય સ્તરના મહાનાયક તરીકે ઊભરી આવશે, એવી ગણતરી સાથે 'આપ' પાર્ટીએ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીની તૈયારી આરંભી દીધી છે. કેજરીવાલની સાદગી અને પોલીસ રક્ષણ કે સરકારી બંગલો નહીં સ્વીકારવાની હઠને કારણે તેઓ નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી જેવા કમાન્ડોથી ઘેરાયેલા રહેતા નેતાઓ કરતાં પ્રજાને વધારે પોતીકા લાગે તે સ્વાભાવિક છે. રાજયપાલ સમક્ષ સરકાર રચવાનો દાવો રજૂ કરવા જતી વખતે પણ એ સાવ સાદી કારમાં સાથીઓની સાથે પહોંચ્યા હતા. એમણે ઊભી કરેલી આ મૂઠી ઊંચેરી આભા સામે કોંગ્રેસ કે ભાજપનો કોઈપણ નેતા ટકી શકે એમ નથી. ભાજપને તો જાણે છેક હોઠ સુધી આવી ગયેલો સત્તાપિયાલો કેજરીવાલને કારણે ખૂંચવાઈ રહ્યો હોય એમ લાગે છે. તો બીજી તરફ શીલા સરકારના મંત્રીઓ અને ખુદ શીલા દીક્ષિત સામે કેસો નોંધવાની તૈયારી દાખવતી કેજરીવાલ સરકાર સામે કેવી રીતે નિપટવું તે મુદ્દે કોંગ્રેસ ભારે મૂંઝવણ અનુભવી રહી છે. તેથી કેન્દ્રના ગૃહખાતા દ્વારા 'આપ'ના નેતાઓનાં ખાતાં તપાસવાની વાત વહેતી કરવામાં આવી છે. વિદેશમાંથી આવતાં નાણાંના મુદ્દે કેજરીવાલને ઘેરીને એમને બદનામ કરવાનો કારસો બૂમરેંગ પણ થઈ શકે છે. પ્રજામાનસમાં એમની છબી સ્વચ્છ, સાદાસીધા લોકનાયક તરીકેની ઊપસી રહી છે. જો આવી છબીને ખરડવાનો પ્રયાસ થશે તો તે કોંગ્રેસને જ ભારે પડી જશે, એમાં શંકાને સ્થાન નથી. આગામી દિવસોમાં ગુજરાતમાં પણ 'આપ' સક્રિય બની રહેવાનાં એંધાણ મળી રહ્યાં છે.

# ખેલ મહાકુંભની તરણ સ્પર્ધામાં ગાંધીનગરના સ્વીમર્સનો દબદબો

## રાજીન્દરસીંગ, કુ. દિલપ્રીત કૌર, કુંદન સકસેના, મંથન ગોર અને કુ. સૌમ્ય જોષીનું પ્રશંસનીય પ્રદર્શન



ગાંધીનગર, તા. ૨૮


રાજયભરમાં ખેલ મહાકુંભ ૨૦૧૩ ખુબ જ ઉત્સાહપૂર્વક અને ધામધૂમથી યોજાઈ ગયો અને રંગેચંગે તેનું સમાપન કરવામાં આવ્યું. રમતગમત ક્ષેત્રે યુવા ખેલાડીઓની પ્રતિભાને એક અવકાશ આપી ખેલ રત્નો મેળવવાના આ મહામંથનમાં ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરના સ્વીમર્સે ખુબ જ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

અમદાવાદ મુકામે તા. ૨૨મી અને ૨૩મી ડિસેમ્બરે યોજાયેલ ખેલ મહાકુંભ ૨૦૧૩ની તરણ સ્પર્ધામાં ગાંધીનગર શહેરના સ્વીમર્સે ખુબ જ પ્રશંસનીય દેખાવ કર્યો હતો. શહેરના યુવા સ્વીમર રાજીન્દરસીંગ આનંદે ૫૦ મીટર, ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર બેકસ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ તેમજ ૪x૧૦૦ મીડલે રીલેમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. બીજા એક સ્વીમર કુ. દિલપ્રીત કૌરે ૫૦ મીટર અને ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં સુવર્ણ ચંદ્રક અને ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં રજત ચંદ્રક મેળવ્યો હતો. અન્ય બે નવ યુવા સ્વીમર્સમાં કુંદન સકસેનાએ ૫૦ મીટર અને ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ અને ૪x૧૦૦ મીડલે રીલેમાં સિલ્વર મેડલ જીત્યો હતો. મંથન ગોરે ૨૦૦ મીટર અને ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ તેમજ ૪x૧૦૦ મીટર મીડલે રીલેમાં સિલ્વર મેડલ જીત્યો હતો. કુ. સૌમ્ય જોષીએ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મેડલ ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત કરણ પટેલે ૨૦૦ મીટર બેક સ્ટ્રોકમાં બ્રોન્ઝ, રવીન્દરસિંગ આનંદે ૪x૧૦૦ મીટર મીડલે રીલેમાં સિલ્વર, નિહાલસિંહ સકસેનાએ ૨૦૦ મીટર બેક સ્ટ્રોકમાં સિલ્વર અને નીલ સોનેની ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં સિલ્વર મેડલ જીતી ગાંધીનગરનું ગૌરવ વધારેલ છે.

આમ આ ખેલ મહાકુંભમાં ગાંધીનગરના સ્વીમર્સે ખુબ જ ઉત્કૃષ્ઠ અને પ્રસંશનીય પ્રદર્શન કરતા ખેલ મહાકુંભ ૨૦૧૩ની તરણ સ્પર્ધામાં પાટનગરના નામનો ડંકો વગાડી દીધો હતો. તમામ સ્વીમર્સ ખુબ જ યુવા વયના હોઈ તેઓ તેમની મહેનત અને ધગશ વડે ભવિષ્યમાં એક શાઈનીંગ કેરિયર બનાવી શકે તેવા આશાસ્પદ ખેલાડી તરીકે તેમણે રમતપ્રેમીઓમાં નવી આશાઓ જગાવી દીધી છે.

## પી.એચ.ડી. થયા

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેકટર-૭ ગાંધીનગરમાં અંગ્રેજીના આ. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પ્રા.



નરેન્દ્ર કે. પટેલ કે.એસ. વી.યુનિ. ગાંધીનગરમાંથી ડૉ. જગદીશ એસ. જોશીના (એ.એસ. સી. અમદાવાદ) માર્ગદર્શન હેઠળ 'જૈન ઓસ્ટીસ નોવેલ્સ એન્ડ ધેર ફિલ્મ એડપ્ટેશન : એ કંપેરેટીવ સ્ટડી' ટાઈટલ સાથે અંગ્રેજી વિષયમાં પી.એચ.ડી.ની ડિગ્રી મેળવેલ છે. મંડળ, આચાર્યશ્રી અને સૌ મિત્રોએ અભિનંદન પાઠવેલ છે.

## સમસ્ત પ્રજાપતિ યુવક મંડળનો ૨૧મો જીવનસાથી પસંદગી મેળો

સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળનો ૨૧મો જીવનસાથી પસંદગી મેળો તા. ૫ જાન્યુઆરી સવારે ૮-૦૦ કલાકે માધવ ફાર્મ, વસ્ત્રાલ અમદાવાદ ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે સમાજનું ચાર કલરમાં સોવેનિયર પ્રકાશિત કરવામાં આવશે. જેમાં વ્યાપાર, ધંધાની જાહેરાત આપી સમાજ સેવામાં યોગદાન આપવા જણાવાયું છે.

## આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગર દ્વારા કનૈયાલાલ મુન્શીના જીવન કાર્ય પર વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના મૂર્ધન્ય સારસ્વત અને ભારતીય અસ્મિતાના આરાધક એવા કનૈયાલાલ મુન્શીના જીવનકાર્યના ગુણાનુરાગ અર્થે વ્યાખ્યાન યોજવામાં આવશે.

કનૈયાલાલ મુન્શીના જન્મની સવા શતાબ્દીનું વર્ષ ચાલી રહ્યું છે ત્યારે ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન ગાંધીનગર દ્વારા તા. ૩૦ ડિસેમ્બર બપોરે ૩.૦૦ કલાકે સરકારી કોમર્સ કોલેજ સે-૧૫ના સભાખંડ ખાતે વ્યાખ્યાન યોજવામાં આવશે.

વ્યાખ્યાન ડૉ. કમલેશ જોષીપુરાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. જેમાં કવિશ્રી અનીલ જોષી એડવાઈઝર ભારતીય વિદ્યાભવન અને વિષ્ણુ પંડયા કટાર લેખક ઉપસ્થિત રહેશે.

## માતંગી દેવસ્થાન સંસ્થા મોઢેરાની સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

મોઢેશ્વરી માતંગી દેવસ્થાન સંસ્થા અને ગૌ શાળા ચેરીટેબલ ટ્રસ્ટ મોઢેરા ખાતે સાધારણ સભા તા. ૫ જાન્યુઆરી રવિવાર સવારે ૧૦.૩૦ કલાકે સંસ્થાના પ્રાકૃતિક હોલ ખાતે યોજવામાં આવશે. જેમાં સંસ્થાના સભ્યશ્રીઓએ સભામાં ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.



આજ રોજ પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ગ્રાહક હિત સુરક્ષા સમિતિ અંતર્ગત કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે મહેન્દ્રભાઈ ત્રિવેદી ચેરમેન પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વકતવ્યમાં ગ્રાહકને સાવધાન રહેવા અને છેતરામણી જાહેરાતોથી દોરવાઈ ન જવા જણાવ્યું હતું. કાર્યક્રમમાં ચતુરજી ઠાકોર, માધુભાઈ પ્રજાપતિ, સલિમભાઈ અજમેરી તેમજ શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## હરિની દૃષ્ટિ...




હું તો પહેલેથી સર્વધર્મમાં માનું છું. ઇદમાં બધુ ખાવાનું, આઠમે જુગાર રમવાનો અને ડીસેમ્બરમાં ધરાઈને પીવાનું...!!

## પલીયડ ખાતે નવનિર્મિત કમ્પ્યુટર સેન્ટર અને પ્રયોગ શાળા ખુલ્લી મુકવામાં આવી

ગાંધીનગર, તા. ૨૮

પલીયડ કેળવણી મંડળ અને સરસ્વતી વિદ્યાલયના ઉપક્રમે નવનિર્મિત શકરીબા કમ્પ્યુટર સેન્ટર અને વિજ્ઞાન પ્રયોગ શાળાનો ઉદઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો.

કલોલ તાલુકામાં આવેલ પલીયડ ગામ સરસ્વતી વિદ્યાલય ખાતે અદ્યતન કમ્પ્યુટર સેન્ટર અને પ્રયોગશાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ નવનિર્મિત પ્રયોગ શાળાનું ઉદઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. નવનિર્મિત શાળાનું ઉદઘાટન યશવંતભાઈ પટેલ યુ.એસ.એ. અને બિપિનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

નવનિર્મિત પ્રયોગશાળા અને કમ્પ્યુટર સેન્ટરના ઉદઘાટન પ્રસંગે કચરાભાઈ પટેલ માજી પ્રમુખ, નિતીનભાઈ પટેલ-મંત્રી ગુજરાત રાજય, નટુજી ઠાકોર-સંસદ સભ્ય, અરવિંદભાઈ દલાલ-ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## 'આચમન'- ૨૦૧૩... 'આગમન'- ૨૦૧૪ !!!!



વિગેરે...વિગેરે...
- અજય ઉપાધ્યાય
- akurjt@gmail.com

૨૦૧૩ના અંતિમ દિવસો ગણાય રહ્યા છે. આખું જગત ૨૦૧૩ના લેખા-જોખામાં પડ્યું છે. છાપા, મેગેઝીનો અને ટેલીવિઝનના પડદાઓ ૨૦૧૩ની ઘટનાઓના સમાચારોથી છલકાઈ રહ્યા છે . તું લઈ ગયો અને હું રહી ગયો એવી ઘેલછામાં રોજબરોજ લગભગ એક ને એક સમાચારો અલગ અલગ રીતે પાનાઓ ભરી ભરીને પીરસાઈ રહ્યા છે. આમ તો જો બીત ગઈ સો બાત ગઈ એવું આપણે વારંવાર જીક્યે રાખતા હોઈએ છીએ છતાં પણ હકીકત એ છે કે ભૂતકાળની કડવી મીઠી યાદોને વાગોળવી બધાને ગમતી હોય છે. રાજકારણ, ગ્લેમર, સમાજ, રમતજગત વગેરે વગેરેની હસ્તીઓના સારા ખરાબ પાસાઓની ચર્ચાઓ થઈ રહી છે. માણસ જો પોતાના ભૂતકાળમાંથી કઈક બોધપાઠ લઈ શકે તો ભવિષ્યને સારી રીતે મેનેજ કરી શકે એવું એક સોનેરી સૂત્ર આપણને બધાને કંઠસ્થ છે.

ચલો તો લાગે હાથ થોડું આચમન આપણે પણ કરી લઈએ. ભારત માટે ૨૦૧૩નું વર્ષ અનેક સારી નરસી ઘટનાઓનું સાક્ષી રહ્યું. સૌથી મહત્વની ઘટના રાજકારણ ના ક્ષેત્રે રહી અને એ હતી મોદી મેજિક અને આપ નો ઉદય. આ ઉપરાંત જોઈએ તો લોકપાલ બીલનું પાસ થવું બધાને સુખદ આચકો આપી ગયું ઈનફેક્ટ અરવિંદ કેજરીવાલ એન્ડ કમ્પનીને એના આનંદ કરતા આઘાત વધુ લાગ્યો!! સંસદ પર હુમલો કરનાર અફઝલ ને ફાંસી કે બોફોર્સના આરોપી ક્વોત્રોચીના અવસાને પણ સુર્ખિયા બટોરી. પાકિસ્તાનની જેલમાં સરબજીતસિંહની હત્યાએ સદાય તંગ રહેતા ભારત-પાકિસ્તાનના સંબંધો પર વધુ તાણ પેદા કરી તો ચીનની સરહદે પણ તું તું મેં મેં ની સ્થિતિ આખું વર્ષ રહી. દેડીયાખેડામાં લાખો ટન સોનાના નામે કેટલાય દિવસો સુધી સરકાર અને પ્રજા ઉલ્લુ બનતી રહી અને અંતે મળ્યું બાબાજીકા થુલ્લું ..!!! દિલ્હી હાઈકોર્ટના એક ચુકાદાથી ૩૭૭ની કલમના પ્રતાપે સમલૈંગિક હોવું ગુનાની વ્યાખ્યામાં આવી ગયું તો ઉતરાખંડ અને કેદારનાથમાં આવેલા હિમસ્ખલન/પુર ને લીધે હજારો યાત્રાળુઓના જાન ગયા અને હજુ પણ ત્યાની સરકારના અણઘડત વહીવટને લીધે સ્થિતિમાં બહુ ખાસ સુધારો નથી આવ્યો. આશારામ અને નારાયણ સાઈ એ ત્રણ મહિના સુધી સમાચારો ની હેડ લાઈન માં ચમકવાનો પાવન ધર્મ બજાવ્યો તો વર્ષ ના અંતે દેવયાની, તરુણ તેજપાલ અને જસ્ટીસ ગાંગુલી એકસરખા કારનામાં થી ચર્ચા માં રહ્યા - ઉત્પીડન અને વસ્ત્રહરણ!!! શાહરૂખ સરોગેટ મધર દ્વારા ત્રીજા સંતાન નો પિતા બન્યો અને ચેન્નાઈ એક્ષપ્રેસની જબરદસ્ત સફળતા સાથે ફરીથી નમ્બર વનના સીહાસને બિરાજયો તો ક્રીશ-૩ ની ભવ્ય સફળતાની પાછળ પાછળ સુઝેન સાથે અલગ થવાનો દુ:ખદ નિર્ણય લેવાની રિતિક ને ફરજ પડી . બોલીવુડ નું ઓર એક સોહામણું કપલ છુટું પડ્યું .

દિલ્હી ગેંગ રેપ માં માત્ર ૨૮ દિવસ માં જ તપાસ અહેવાલ આવી ગયો ને દુષ્કર્મી ઓ ને ફાંસી ની સજા થઈ તો સામે છેડે આયુષી હત્યા માં તલવાર દંપતી પણ ગુનેગાર સાબિત થઈ. મુંબઈ સીરીયલ બ્લાસ્ટ કેસ માં સંજય દત્ત ને પાચ વર્ષ ની કેદ પડી તો છતીસગઢમાં માઓવાદીઓએ કોંગ્રેસની જનયાત્રા પર અત્યાર સુધીનો કરપીણ કહી શકાય એવો હુમલો કર્યો. ગોવા માં અડવાણી ના હું છતાં નરેન્દ્ર મોદી ને ચુંટણી સમિતિ નું સુકાન સોપ્યું અને ૩૦ કલાક ના ડ્રામા પછી અડવાણી તો માની ગયા પણ બિહાર માં નીતીશકુમારે એના રીએક્શન રૂપે ભાજપ સાથે ની ૧૯ વર્ષો જૂની મૈત્રી તોડી ને દુશ્મની શરુ કરી દીધી.જે નરેન્દ્ર મોદીના વડાપ્રધાન પદની ઉમેદવારીની જાહેરાત પછીથી દિવસે ને દિવસે વધુ વકરતી જાય છે . સામે છેડે જાન્યુઆરીમાં જ કોંગ્રેસના ઉપાધ્યક્ષ બનેલા રાહુલ ગાંધી હજુ વડાપ્રધાન પદની ઉમેદવારી બાબતે આખી કોંગ્રેસી ફોજને નચાવી રહ્યા છે. ૧૬૩ વર્ષ જૂની તાર સેવા બંધ થઈ તો સી.બી.આઈ. એ મુલાયમ પર ચાલતો અમર્યાદ સંપતિ નો કેસ પુરાવા ના અભાવે બંધ કર્યો , સરકાર ને ટેકો દેવાનો કઈક તો ફાયદો થાય ને? ભારત ના મહત્વાકાંક્ષી મંગળ મિશન નો શુભારંભ થયો અને સફળતાપુર્વક મિશન આગળ પણ વધ્યું તો ૪૫૦૦૦ ટન વજન નું વિમાન વાહક યુદ્ધ જહાજ વિક્રમાદિત્ય નૌકાદળ માં સામેલ કરાયું. તો મોદી ની પટના રેલી માં બોમ્બ વિસ્ફોટો જેવી ત્રાસવાદી ઘટના ઓ પણ ચાલતી રહી. તો બોધગયા માં બૌદ્ધ મઠ પર અને બેંગ્લોર માં થયેલા હુમલા જેવા ત્રાસવાદી હુમલાઓ પણ થયા. મન્નાડે , પ્રાણ , અરુણ નહેરુ , શમશાદ બેગમ , તરલા દલાલ, રમાનાથ ગોએન્કા, રુતુપરનો ઘોષ, શકુંતલા દેવી જેવા વિવિધ ક્ષેત્ર ના દિગ્ગજો એ આપણી વચ્ચેથી વિદાય લીધી .

૧૨૦ કરોડના દેશમાં છેલ્લા ૧૨ મહિના અને ૩૬૫ દિવસમાં રોજ ને રોજ કઈક ને કઈક બનતું જ રહ્યું જેને લખવા બેસીએ તો પાના ના પાનાં ભરાય. અને છેલ્લા ઘણા દિવસોથી આ બધું એક કે બીજા સ્વરૂપે માધ્યમોમાં પીરસાતું જ રહ્યું છે એટલે ૨૦૧૩ ને આટલેથી કહીએ બાય બાય અને નજરને કરીએ ભવિષ્ય તરફ. શું છે એવું કે જે ગાજતું રહેશે ૨૦૧૪માં? આમ તો ભવિષ્યમાં શું છુપાયેલું છે એનો ચોક્કસ અંદાઝ કાઢવો તો મુશ્કેલ છે અને એમાય યે તો હૈ મેરા ઈન્ડિયા ...તો વધુ મુશ્કેલ , છતાં પણ આવો નજર નાખીએ એવી વ્યક્તિઓ કે બનાવો પર જેનો પ્રભાવ આજથી ૭૨ કલાક પછી શરુ થનારા નવા વર્ષમાં ચોક્કસ દેખાય શકે છે . ૨૦૧૩ તો ગયું ... એની યાદોનું ઉપર મુજબ આચમન કર્યા પછી આવો ૨૦૧૪ ના કલ્પનાસાગરમાં સહેલ કરીએ અને ચકાસીએ એવી શક્યતાઓને જે બની શકે છે ૨૦૧૪ માં સાકાર... એ ચહેરાઓ જે ચર્ચાઈ શકે છે ૨૦૧૪ માં ...એ ઘટનાઓ જેનો છે ઈન્તેઝાર ૨૦૧૪ માં !!!! લેટ્સ સ્ટાર્ટ ... વન ...ટુ....થ્રી ...હિયર વી ગો...

હિન્દુસ્તાનમાં સમાચારોની હેડ લાઈન હમેશા બે જ ક્ષેત્રની બને છે ...એક છે બોલીવુડ અને બીજું છે પોલીટીક્સ યાની કી રાજકારણ. આવો શરુ કરીએ રાજકારણથી. ૨૦૧૪માં આમ આદમી માટે મહત્વની કહી શકાય એવી ઘટના બનવા જઈ રહી છે અને એ છે સંસદની ચુંટણીઓ. યુ.પી.એ. સરકારના કૌભાંડોથી ત્રસ્ત જનતા બદલાવ ઝંખે છે એ તો હમણાં જ પૂરી થયેલી ચાર રાજયોની વિધાનસભાની ચુંટણીના પરિણામોએ સાબિત કરી જ દીધું છે . પણ એ જ પરિણામોએ ભાજપ, કોંગ્રેસની સાથે સાથે દેશની જનતાને પણ સુખદ આચકો આપ્યો છે. હમણાં સુધી વનસાઈડ અને લગભગ વિનર ગણાતો ભાજપ કેજરીવાલના ચમત્કારને લીધે થોડો ચિંતન મુદ્રામાં આવી ગયો છે. કોંગ્રેસને તો હજુ કઈ દિશામાં જવું એ ય નક્કી કરવું બાકી છે ત્યારે ભાજપે જાહેર કરેલા વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પર ૨૦૧૪ ના વર્ષમાં સૌની નજર રહેશે એ ચોક્કસ છે. પોતાની નિર્ણય શક્તિ , સંકલ્પ શક્તિ અને વિકાસ કરી શકવાની ક્ષમતા ધરાવતા આ જનનાયક માટે ૨૦૧૪ની ચુંટણીઓમાં ભાજપને વિજયી બનાવી સરકાર રચવાનું કઠીન કાર્ય આવી પડેલ છે ત્યારે ૨૦૧૪ના શરૂઆતના છએક મહિનાઓ સુધી નરેન્દ્ર મોદી જનમાનસ અને માધ્યમોમાં છવાયેલા રહેશે જ એ બેમત છે. કઠોર પરિશ્રમ અને દુરન્દેશીતા નો કોઈ વિકલ્પ નથી એવું માનતા આ મુખ્યમંત્રીની રાજકીય ક્ષમતાનો નજારો આપણને ૨૦૧૪માં જોવા મળશે અને બની શકે કે આપણને ૨૦૧૪માં બિન-કોંગ્રેસી સરકાર દિલ્હીમાં જોવા મળે. કેવી રીતે અને કેટલી હદ સુધી કોંગ્રેસ કે બીજા પક્ષો આ વાવાઝોડાનો સામનો કરે છે એ જોવુ પણ ૨૦૧૪માં રસપ્રદ રહેશે જ. અત્યારે તો ચારે તરફથી ઘેરાયેલી કોંગ્રેસ અને એમના યુવા (?) નેતા રાહુલ ગાંધીની આગેવાની ભાજપની આ વિજયકૂચને કેટલે અંશે ખાળી શકે છે એ ગુજરાત, ભારત અને પુરા વિશ્વ માટે ૨૦૧૪નો મહત્વનો ઘટનાક્રમ રહેશે. આ બંને દિગ્જ્જોની સાથે સાથે કેજરીવાલ અને આપને નજર અંદાઝ કરવું એ પણ મુર્ખામી જ છે. દિલ્હીમાં શીલાના સુપડા સાફ કરી નાખનાર આ ઝાડું આવનારી ચુંટણી અને દેશના રાજકારણમાં / ૨૦૧૪ માં કોઈક અણધાર્યા આચકાઓ આપી શકવાની પૂરી ક્ષમતા ધરાવે છે. ભારતની લોકશાહીમાં નવો પ્રાણ ફુકવાની કોશિશ કરનાર કેજરીવાલ કોઈ ખાસ દિશા પૂરી પાડી શકશે કે પછી એ પણ આમ જ બનીને રહી જશે એ જોવું રસપ્રદ રહેશે. રાજકારણની દ્રષ્ટિએ ૨૦૧૪માં નજર રહેશે આ બે વિરલાઓ પર - નરેન્દ્ર મોદી અને અરવિંદ કેજરીવાલ. જોઈએ શું કરી શકે છે બંને ૨૦૧૪ માં ?

કરોડોનો ખર્ચ, માર્કેટિંગની આવડત અને આમીરખાનના નામ અને કામ ને લીધે ૨૦૦થી વધુ કરોડ ઉસેડી જનાર અગાઉની ધૂમ સિરીઝની ફિલ્મોથી પાંગળી એવી ધૂમ-૩ ની ભવ્ય સફળતા સાથે બોલીવુડે ૨૦૧૩ને બાય બાય કર્યું. ક્રીસ- ૩, રામલીલા, ભાગ મીલ્ખા ભાગ, યે જવાની હૈ દીવાની અને સરપ્રાઈઝ તરીકે ચેન્નાઈ એક્ષપ્રેસની સફળતાએ ફિલ્મોનું ૧૦૦ કરોડનું કલેક્શન કરવું એ સામાન્ય વાત બની ગઈ છે. અત્યારે તો ખાન ત્રિપુટીમાં શાહરૂખની એકસપ્રેસ ગાડી સૌથી આગળ નીકળી ગઈ છે પરંતુ ૨૪મી જાન્યુઆરીએ રીલીઝ થનાર જય હો સાથે સલમાન કેવો ધમાકો કરે છે એના પર સૌની નજર રહેશે. આ ઉપરાંત જુલાઈમાં રજુ થનારી 'કિક' પર પણ ઈન્ડસ્ટ્રીની અને દર્શકોની નજર રહેશે. આ બે ફિલ્મો સાબિત કરશે સલમાનનું ખાન ત્રિપુટી માં સ્થાન. કારણ કે એ પહેલા એપ્રિલમાં આમી 'પી,કે' અને ઓક્ટોબરમાં શાહરૂખ 'હેપ્પી ન્યુ યર' વડે રેસમાં હશે જ. ૨૦૧૪ની ૩જી જાન્યુઆરીના રોજ ૩-ડી માં રીલીઝ થશે હિન્દી ફિલ્મ ઈતિહાસની સૌથી સફળ ફિલ્મ શોલે. ઓલ ટાઈમ બ્લોકબસ્ટર આ ફિલ્મને ૩-ડી માં જોવા દર્શકો અત્યારથી જ આતુર છે. ઠાકુરનો ખીલ્લાવાળી મોઝડી પહેરેલો પગ કે ટ્રેક પર પડેલા લાકડાઓને ચીરતી ધસમસતી આવતી ટ્રેનને ૩-ડી માં એકદમ નજર સામે જ અનુભવવાની ચોક્ક્સ મજા પડશે. માધુરીની કમબેક ફિલ્મ દેઢ ઈશ્કિયા , રિતિકની બેંગ બેંગ, અજય દેવગણની સિંઘમ-૨, અને રણબીર કપૂર - અનુષ્કાની બોમ્બે વેલ્વેટ જેવી ફિલ્મોની પણ ૨૦૧૪ માં રાહ જોવાશે અને આ બધા બીગ બેનર્સ ઉપરાંત આ વર્ષે આચકો આપનાર આશિકી - ૨ કે ગ્રાન્ડ મસ્તીની જેમ કોઈ ઓછી જાણીતી ફિલ્મ પણ સડસડાટ સફળતા મેળવી જાય એવું પણ બને. જો આવું જ થાય તો ટી-સીરીઝ વાળા ભૂષણકુમારની અભિનેત્રી પત્ની દિવ્યા ખોસલાએ પ્રથમવાર દિગ્દર્શિત કરેલી ફિલ્મ યારીયા મેદાન મારી જશે એવું અત્યારે તો એના લોકપ્રિય થયેલા સંગીત પરથી લાગે છે. બાકી આ તો માયાનગરી છે કુછ ભી હો શકતા હૈ !!!

ગયા મહીને લીટલ માસ્ટર સચિનની વિદાય પછી ભારતીય બેટિંગમાં પડેલા ખાલીપાને બહુ ઝડપથી શિખર ધવન, વિરાટ કોહલી અને રોહિત શર્માની ત્રિપુટી એ ભરી દીધો છે એમ કહી શકાય. સચિનની તોલે અને કક્ષા એ પહોચવું તો બહુ દુર છે પણ આ ત્રિપુટીની સાથે સાથે અત્યારે રમાઈ રહેલી સાઉથ આફ્રિકા સીરીઝમાં આપણા ગુજરાતી ચેતેશ્વરનું જોરદાર પ્રદર્શન એ વાતની સાબિતી છે કે આ નવલોહિયાઓ બહુ જ જલ્દીથી સચિનની ખોટ પૂરી આપશે. અને ૨૦૧૪માં દરેક ક્રિકેટ પ્રેમીઓની નજર આ ચોકડી પર રહેશે. ૨૦૧૪માં હર વખતની જેમ ખેલપ્રેમીઓની નજર રહેશે ફેબ્રુઆરીમાં થનાર આઈ.પી.એલ. ના તમાશા ક્રિકેટ પર પણ. આ ઉપરાંત ઈન્તેઝાર રહેશે માર્ચ ૨૧, ૨૦૧૪નો જયારે મીરપુર બાંગ્લાદેશ માં આઈ.સી.સી. વર્લ્ડ ૨૦-૨૦ ના એક મેચમાં ટકરાશે ભારત અને પાકિસ્તાન. ધોની એન્ડ કંપનીની સાચી કસોટી તો થશે જાન્યુઆરીમાં ન્યુઝીલેન્ડ સામેની સીરીઝમાં અને જુલાઈમાં ઈંગ્લેન્ડ સામેની સીરીઝ વખતે. કારણ કે બંને સીરીઝો રમાવાની છે તેઓની ધરતી પર અને આપણે વિદેશી ધરતી પર કેવા શુરવીર છીએ એ તો જાણીએ જ છીએ સ્પેશિયલી એવા વખતે જયારે ટીમમાં સેહવાગ, ગંભીર જેવા ખેલાડીઓ નથી. પરંતુ ચોક્કસ પણે ૨૦૧૪ની આ ટફ લડાઈ વખતે ઉપર કહ્યા એ ચારે ખેલાડીઓ અને જાડેજા જેવા ઓલ રાઉન્ડર પર નજરો ટકેલી રહેશે. યાની કી યંગિસ્તાન પે નઝરે જમા કે રખના...!!!

આ તો દીવાલ પર લખેલી અને નરી આખે વાચી શકાય એવી ૨૦૧૪ની શક્યતાઓ છે, આ છે ઓલમોસ્ટ પોસીબલ નઝારાઓ છે જે આપણને ૨૦૧૪માં જોવા મળી શકે છે. બાકી તો આ ઈન્ડિયા છે ...યહા કુછ ભી હો શકતા હૈ ...એક બીજા ને ગાળો દેતા કોન્ગ્રેસ્સ અને આપ સરકાર બનાવી શકતા હોય તો બની શકે કે કાલ સવારે નીતીશના ટેકાથી મોદી પણ વડાપ્રધાન બની જાય ......બની શકે કરણ જોહરની ફિલ્મમાં સલમાન સાથે શાહરૂખ પણ હોય ને એવુય બને કે કોહલીની કેપ્ટનશીપમાં ધોની રમતો હોય કે સેહવાગ, ગંભીર ને હરભજનની વાપસી થાય ... જેલની બદલે ઘરે વધુ રહેતો સંજય દત્ત પણ જોવા મળી શકે છે ને ફરીથી ગાદી તકિયે બિરાજમાન આશારામના દર્શન પણ થઈ શકે છે .....ઓહ ...લીસ્ટ લાંબુ થઈ શકે એમ છે ...એટલે સૌ સૌ ની કલ્પનાના ઘોડાઓને દોડાવ્યે રાખો...ટીલ ધેન ...બાય બાય ૨૦૧૩ અને મારા બધા જ વાચકો ને હેપ્પી ન્યુ યર ૨૦૧૪ ...!!!

**રીમાઇન્ડર** : *ડેન્માર્કના પ્રાઈમ મિનિસ્ટર સુ.શ્રી. હેલ થોર્નીંગ સાથે મોબાઈલથી પોતાનો ફોટો લેતા અમેરિકન પ્રેસીડન્ટ ઓબામાં અને અકળાઈ ઉઠેલા મીશેલબેનની તસ્વીર પરથી આપણ ને નવો શબ્દ જાણવા મળ્યો 'સેલ્ફી'.*